મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૦૧-૦૧-૨૦૨૫
બુધવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૭૧
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

## હરણી કાંડથી ટીઆરપી કાંડ અને ખ્યાતિ પ્રકરણથી બીઝેડ પોન્ઝી સ્કીમ ગુજરાત વર્ષભર પરેશાન રહ્યું




# ૨૦૨૪ : ગુજરાત માટે આ વર્ષ ભુલવા જેવું જ છે

**ગુજરાત નકલીઓની ફેક્ટરી હોય તેવું જણાયું, નકલી પોલીસ, નકલી, તબીબ, નકલી ન્યાયમૂર્તિ, નકલી સરકારી કચેરી અને નકલી અદાલત, પીએમઓ અને સીએમઓના અધિકારી પણ નકલી આમ ગુજરાતે ૨૦૨૪માં નવો રેકોર્ડ બનાવ્યો તો બીજી તરફ ઉડતા પંજાબને ભુલાવે તેમ ડ્રગ્સ ટ્રાન્સપોર્ટર ગુજરાતનું બિરૂદ પણ મેળવ્યુ અને ચણા મમરાની જેમ ડ્રગ્સ પકડાયા**

**પોલીટીકલી જોઇએ તો સ્થિરતા તો રહી પણ ભાજપના ધારાસભ્યો આ વર્ષ ભુલવા માંગશે જયારે મંત્રીમંડળનું વિસ્તરણ લઇને બોર્ડ નિગમની નિયુકિત માટે લાકડી અને ગાજરની નીતિ ચાલુ રહી, ૧૬૧ છતાં પણ લોકો માટે કેટલો ઘબકાર થયો તે પ્રશ્ન છે, કોંગ્રેસ રાબેતા મુજબ નવી ચૂંટણી સુધી સુઇ ગઇ અને આમ આદમી પાર્ટી પ્રેસનોટ પર જ ચાલી ગઇ છે**

**ખ્યાતિ કાંડથી પુરવાર થયું કે સફેદ ડગલામાં કેટલાક દેવદુતો માટે પૈસા જ મહત્વના છે, માનવ જિંદગી નહી અથવા તો જિંદગી બચાવીને પૈસા કમાવ અને જિંદગીના ભોગે પણ કમાણી થાય તો પણ વાંધો નથી, બીઝેડ પોન્ઝી સ્કીમથી એ પણ નિશ્ચિત થયું કે એકના ડબલની લાલચમાં આવનારા શિક્ષીત ગુજરાતમાં પણ ઓછા નથી, સૌથી મહત્વનું એ છે કે પોલીટીકલ પીઠબળથી કૌભાંડીઓ ખુદને સલામત માનવા લાગ્યા છે**








(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

૨૦૨૪માં ગુજરાત યાદ રાખવા કરતા ઘણુ ભુલવા માંગશે અને કદાચ બોધપાઠ પણ શીખો હશે તો ૨૦૨૪ જેવું વર્ષ તાજેતરમાં ગુજરાતે કદી જોયુ નહીં હોય અને માનવસર્જીત દુર્ઘટનાથી લઈને માનવ સર્જીત ફ્રોડ ગુજરાતમાં સૌથી વધુ જોવા મળ્યા. એક તરફ વડોદરાના હરણી કાંડથી લઈને રાજકોટના ટીઆરપી કાંડએ સમગ્ર રાજયને (સિવાય કે વહીવટી તંત્ર)ને હચમચાવી દીધુ. ખ્યાતિ હોસ્પિટલ કાંડથી લઈને બીઝેડ પોન્ઝી સ્કીમના ભુપેન્દ્ર ઝાલાએ લોકોને અને સરકારને કઇ રીતે બેવકુફ બનાવી શકાય તે પણ નિશ્ચિત કરી લીધુ.

પોલીટીકલ દ્રષ્ટિએ ગુજરાતમાં મંત્રીમંડળની રચનામાં ગાજર અને લાકડીની સ્થિતિ હજુ જોવા મળી રહી છે. તો જે રીતે છેલ્લી બે લોકસભા ચૂંટણીમાં ભાજપે તમામ ૨૬ બેઠકો જીતીને હેટ્રીક કરી હતી તેમાં ગેનીબેન ઠાકોરે બનાસકાંઠા બેઠક જીતી પંચર પાડી દીધુ પરંતુ થોડા જ મહિનામાં વાવ બેઠકની પેટા ચૂંટણી જીતીને ભાજપે તેના ટાયરમાં વલ્કેનાઈઝ કરવા પ્રયત્ન કર્યો છે અને હવે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પર સૌની નજર છે.

સૌથી વધુ તો ગુજરાતના મહાનગરો એક પછી એક સ્કેમમાં ફસાતા ગયા તો ગુજરાત નકલીઓની ફેકટરીઓ પણ સાબિત થયું. નકલી પોલીસ, નકલી તબીબ, નકલી અધિકારી, નકલી સરકારી કચેરી અને નકલી ન્યાયમૂર્તિ હદ તો ત્યાં સુધી થઈ કે નકલી કોર્ટ પણ ચાલતી હતી અને છતાં પણ વર્ષો સુધી તેની કોઈ જાણ ન હતી.

ગુજરાત રાજકોટનો ટીઆરપી કાંડ કદી ભુલી ન શકે છતાં પણ અત્યારે કદાચ તે ભુલાઇ ગયો હોય તેવી સ્થિતિ છે. સૌથી મહત્વનું એ છે કે વડોદરાની હરણી બોટ દુર્ઘટના હોય કે પછી રાજકોટનો ટીઆરપી કાંડ તમામમાં ફકત પરદા આગળના ખેલાડીઓ અને તેમાં પણ પસંદગીના ખેલાડી હવે અપરાધી બન્યા છે. પડદા પાછળના ખેલાડીઓ પોલીટીકલી સલામત બનીને બીજો ટીઆરપી કાંડ સર્જાય તેવી બિન્દાસ પ્રવૃતિમાં સામેલ થયા છે.

ગુજરાત બીજી રીતે જોઈએ તો ડ્રગ્સની હેરાફેરીનું કેપીટલ પણ બની ગયું હોય તેમ દરિયા કિનારે ડ્રગ્સના પેકેટ બિનવારસી મળે છે અથવા મધદરિયે બોટો ઝડપાઈ છે પરંતુ કદી તેના અસલી ડ્રગ્સ ડિલર પકડાતા નથી. આમ ગુજરાતે ડ્રગ્સમાં પણ જે રેકોર્ડ સર્જયો છે તે ભારતમાં ઉડતા પંજાબની જેમ ડ્રગ્સ ટ્રાન્સપોર્ટ ગુજરાત તેવું વિશેષણ આપી તો કદાચ આશ્ચર્ય થશે નહીં.

રાજકોટના ટીઆરપી કાંડે ૨૭ના ભોગ લીધા પણ ત્યાર પછી ખેલ જોવા મળ્યો તે પણ સૌને આંચકો આપી ગયો એક મહાનગરપાલિકાના ટીપીઓ ૪૦-૫૦ કરોડનું સોનુ અને કરોડોની સંપતિ છતાં પણ તેનાથી આગળ પોલીસ વધી નહી અથવા તો વધવા દીધી નહીં અને લોકોને તંત્રમાં વિશ્ર્વાસ બેસે તેવી કોઈ કાર્યવાહી થઈ નહીં વર્ષનો પ્રારંભ જોકે હરણી બોટ દુર્ઘટનાથી થયો કે જયારે માસુમ બાળકો તંત્રની બેદરકારીનો શિકાર બની ગયા થોડા લાખ રૂપિયા ફેંકો અને સંવેદના ખરીદી લો તેવી સ્થિતિ ગુજરાતમાં આ પ્રકારના માનવસર્જીત કાંડ સમયે જોવા મળી છે.

બીજી તરફ ડેથ બાય ડિઝાઈનનો શ્રેષ્ઠ નમુનો ખ્યાતિ હોસ્પિટલ કાંડ છે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો ગેરલાભ ઉઠાવીને સફેદ ડગલામાં દેવદુત ગણાતા તબીબો કેવા યમદુત સાબિત થઈ શકે છે તે પણ બહાર આવ્યું અને નાણા માટે તેઓ કઈ હદ સુધી જઈ શકે છે તે પણ નિશ્ચિત થયું. તો બીજી તરફ બીઝેડ પોન્ઝી સ્કીમ અને તેનો માસ્ટર માઈન્ડ ભુપેન્દ્ર ઝાલાએ ફકત એક નમુનો છે ગુજરાતમાં જે રીતે સરકારી રજીસ્ટર કચેરીમાં પણ ડુપ્લીકેટ દસ્તાવેજો બનીને મિલ્કતોના માલીક ફેરવી દેવાય છે તે પણ આપણે જોયુ તો ગુજરાત ફેકની ફેકટરી પણ બની ગઈ હોય તે પણ સ્થિતિ જોઈ.

પોલીટીકલી જોઈએ તો ગુજરાતને સ્થિરતા એટલે મળી કે ૨૦૨૨માં ૧૫૬ બેઠકો ભાજપને રાજયની જનતાએ આપી હતી તેમાં વળી પાંચનો વધારો થયો આમ ૧૬૧ બેઠક પછી રાજકારણને અસ્થિર કરવાવાળુ ભાગ્યે જ કોઈ સામે બચ્યુ હતું પણ મહત્વનું એ છે કે ગુજરાતમાં ભાજપના લોકો માટે આ વર્ષ ભુલવા જેવું રહ્યું. લોકસભા ચૂંટણીમાં જે વિવાદો સર્જાયા તે સૌની સામે છે પણ બનાસકાંઠા હારીને ભાજપ એ મોદી-શાહના ગુજરાતને હેટ્રીક કરવા ન દીધી તે અફસોસ રહી ગયો.

વાવ જીતી તે કોન્સોલેશન પ્રાઈઝ જેવું બની રહ્યું બીજી તરફ ગુજરાત મંત્રીમંડળમાં હમણા સ્થાન મળશે...

હમણા સ્થાન મળશે તેની રાહમાં ૧૪૦થી વધુ ધારાસભ્યો ગાંધીનગરનો એક પણ કોલ મીસ ન થાય તેની ચિંતા કરે છે. ૨૦૨૫માં પણ એ કયારે થશે તે પ્રશ્ન છે. કોંગ્રેસ રાબેતા મુજબ સુઈ ગઈ છે અને તેને જગાડવા કુંભકર્ણની જેમ નગારા વગાવડા પડશે આમ આદમી પાર્ટીએ પ્રેસનોટ પાર્ટી બની રહી છે તે પણ નિશ્ચિત છે આમ ગુજરાતની જનતા પણ આ વર્ષ ભુલવા માંગશે.

**રાજેશકુમાર જે.કાનુડાવાલા મામલતદાર અને એકઝીક્યુટીવી મેજીસ્ટ્રેટ બેચરાજીની કોર્ટમાં જન્મ નોંધણી**

**જાહેર નોટીસ**

અરજદાર : પટેલ રાકેશકુમાર કાન્તિલાલ, ઉ.વ.૫૧
રહે, ગાંભુ, તા. બેચરાજી જિ. મહેસાણા

વિરૂદ્ધ

સામાવાળા: (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી,
ગાંભુ ગ્રામ પંચાયત, તા.જિ. મહેસાણા

જન્મ નોંધણી :-

ગાંભુ ગ્રામ પંચાયત, તા. બેચરાજી, જિ. મહેસાણા જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આપી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરદજદારશ્રી પટેલ રાકેશકુમાર કાન્તિલાલનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ ના રોજ ગામ- ગાંભુ તા. બેચરાજી, જિ. મહેસાણા મુકામે થયેલ જે અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા વાંધા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોને નોંધ લેવી.

આજ રોજ તા.૩૧/૧૨/૨૦૨૪ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

સહિ/-
(આર.જે.કાનુડાવાલા)
મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટેટ
મહેસાણા (ગ્રામ્ય)

### ઘાતક દોરીથી બચાવવા રાજ્યસભાના સાંસદ મયંકભાઈ નાયકનું અનોખું અભિયાન

## મહેસાણા તોરણવાળી ચોકમાં ટુ વ્હીલર ચાલકોને મફત 'સેફટી ગાર્ડ' લગાવી આપવામાં આવ્યા





(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

આગામી સમયમાં ઉત્તરાયણ નો તહેવાર આવી રહ્યો છે.ત્યારે કાતિલ દોરી થી ટુ વહીલર ચાલકોને ઘાતક દોરીના કારણે કોઈ ઈજા ન થાય એના માટે મહેસાણામા નિઃશુલ્ક સેફટી ગાર્ડ લગાવી આપવામાં આવ્યા હતા.જેમાં મોટી સંખ્યામાં લોકો પોતાના ટુ વહીલર પર સેફટી ગાર્ડ લગાવવા આવ્યા હતા.

ઉત્તરાયણ પૂર્વે પતંગ દોરી થી ટુ વહીલર ચાલકોને દોરીના કારણે ઈજા ન પહોંચે એના માટે રાજ્ય સભા સંસાદ મયંક નાયક દ્વારા આજે મહેસાણાના તોરણવાડી માતાના ચોક ખાતે લોકોને નિઃશુલ્ક સેફટી ગાર્ડ લગાવી આપવામા આવ્યા હતા.જેમાં મોટી સંખ્યામાં ટુ વહીલર ચાલકો તોરણવાડી માતાના ચોક ખાતે સેફટી ગાર્ડ લગાવ્યા હતા.

આ દરમિયાન રાજ્ય સભાના સાંસદ મયંક નાયકે જણાવ્યું હતું કે ભારત ની અને ગુજરાત ની ઓળખ એટલે ઉત્તરાયણ હાલમાં ઉત્તરાયણ આંતરરાષ્ટ્રીય તહેવાર બન્યો છે.આ તહેવાર મા બાઈક અને સ્કૂટર ચાલકો દોરી વાગતા ઈજા પામતા હોઈ છે. ઘણીવાર મોત ને પણ ભેટતાં હોઈ છે. આજે સેલાવય ની ટિમ દ્વારા સતત ઉત્તરાયણ સુધી આ કાર્યક્રમ ચાલુ રાખવામાં આવશે.દરેક નાગરિક ઉત્સાહ સાથે તહેવાર માણી શકે એ માટે આ કાર્યક્રમ કરી રહ્યા છીએ.

ઉત્તરાયણ પછી પણ દોરાઓ રોડ,ઝાડ પર લટકેલા હોઈ જેનાથી પશુ પક્ષી ને નુકસાન થતું હોય જેથી દોરની યોગ્ય કિંમત આપી ભેગા કરસું જેથી મહેસાણા સ્વચ્છ રહે એવો અમારો કાર્યક્રમ છે.

લોકોને અપીલ કરીયે છીએ કે પોતાની અને પરિવાર ની સાવચેતી સાથે તહેવાર ઉજવે આજે નિઃશુલ્ક સેફટી ગાર્ડ લગાવવાની કામગીરી અમારી ટિમ દ્વારા કરવામાં આવી છે.

## મહેસાણા જિલ્લાની આંગણવાડી કાર્યકર્તાઓની ફૂડ ફોર્ટીફકેશન માટે એક દિવસની તાલીમ યોજાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર મહેસાણા ધ્વારા આજ રોજ મહેસાણા જીલ્લાની આંગણવાડી કાર્યકર્તાઓને ફૂડ ફોર્ટીફકેશન માટે એકદિવસની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ તાલીમનું ઉદ્‌ઘાટન જીલ્લા પંચાયત પ્રમુખશ્રીતૃષાબેન પટેલ , ,જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ.હસરત જૈસ્મીન દ્વારા કરવામાં આવ્યું હતુ.



આ તાલીમ કાર્યક્રમમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના જીલ્લા ફૂડ અધિકારીશ્રી વી. જે. ચૌધરી તેમજ તેઓની ફૂડ ટીમ સીનીયર ફૂડ સેફટી ઓફિસર અને ફૂડ સેફટી ઓફિસરો સાથે ન્યુટ્રીશીયન ઈન્ટર્નેશનલશ્રી જગદીશ સાઠે તેમજ ફેકલ્ટીશ્રી નીતિન કુમાર સુથાર દ્વારા રાઈસ ફોર્ટીફિકેશન અને ડબલ ફોર્ટીફાઈડ સોલ્ટ આંગણવાડી કાર્યકરોને વિસ્તૃત રીતે માહિતગાર કરવામાં આવી હતી.

ભારત સરકાર ધ્વારા આપવામાં આવતા ફોર્ટીફાઈડ ચોખા અને ડબલ ફોર્ટીફાઈડ મીઠાંનું મહતમ ઉપયોગ થાય અને છેવાડાના વ્યક્તિ સુધી તેઓના રોજીંદા આહારમાં સુક્ષ્મ પોષક્તત્વ (વિટામિન & મીનરલ્સ) મળી રહે અને કુપોષણ નો દર ઘટાડી શકાય તેમજ એનીમિયા મુક્ત થઈ શકાય તે બાબતે વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવેલ.

ઘણી ખરી જગ્યાએ જાગૃતતાના અભાવે ફોર્ટીફાઈડ રાઈસને પ્લાસ્ટીક રાઈસ સમજી તેનો નિકાલ કરવામાં આવતો જેથી આ બાબતને દાખલા સ્વરુપે તાલીમ દરમ્યાન લાઈવ ડેમો બતાવી આ બાબતની ગેર સમજને દૂર કરવામાં આવેલ અને ફોર્ટીફાઈડ રાઈસનો માનવ શરીરમાં શું ઉપયોગીતા છે તે બાબત માર્ગદર્શન આપવામાં આવેલ.

આજ રીતે ભારત સરકાર ધ્વારા આપવામાં આવતા ડબલ ફોર્ટીફાઈડ મીઠાનું યોગ્ય ઉપયોગ ભોજન બનાવતી વખતે કઈ રીતે કરવો એનો લાઈવ ડેમો બતાવી અને ડબલ ફોર્ટીફાઈડ મીઠાના ઉપયોગથી ભોજન કાળા કલરનું બને છે અને જીભ લાલ કલરની થાય છે તેવી ગેર માન્યતા દૂર કરવામાં આવેલ. આમ આજ રોજ સુંદર તાલીમ કાર્યક્રમને સફળતા પુર્વકપુર્ણ કરવામાં આવેલ એમ ડેઝીગ્નેટેડ ઓફિસરશ્રી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જણાવાયું છે.




## ગુજરાતના મુખ્યમંત્રી સામે એકપણ ક્રિમીનલ કેસ નથી

# ‘સ્વચ્છ’ CM માં ભુપેન્દ્ર પટેલને સ્થાન

### સંપતિમાં પણ છેક ૧૫માં ક્રમે : સૌથી ધનવાન મુખ્યમંત્રી ચંદ્રાબાબુ - સૌથી ગરીબ મમતા બેનરજી

સમગ્ર ગુજરાત ગૌરવ લઈ શકે તેવા સમાચાર છે. દેશના ૩૩ રાજયોના મુખ્યમંત્રીઓની સંપતિ તથા તેમની સામેના ક્રિમીનલ કેસો અંગે જે એક વિસ્તૃત માહિતી બહાર આવી છે તેમાં જેલમાં જઈ આવેલા ચંદ્રાબાબુ નાયડુ સહિતના અત્યંત ધનવાનનો પણ સમાવેશ થાય છે.

પણ ગુજરાતનું નેતૃત્વ કરી રહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ એક તરફ સંપતિની દ્રષ્ટિએ અન્ય મુખ્યમંત્રીઓ સામે ‘ગરીબ’ દેખાય તેવા ૩૧માંથી છેક ૧૫માં ક્રમે છે તો ક્રિમીનલ કોઈ રેકોર્ડઝ ન હોય તેવા ૧૮ મુખ્યમંત્રીઓમાં તેમાં સ્થાન ધરાવે છે.

એસોસીએશન ઓફ ડેમોક્રેટીક રિફોર્મના આ રિપોર્ટ મુજબ દેશના મુખ્યમંત્રીઓની સરેરાશ સંપતિ રૂા.૫૨.૫ કરોડ છે. પરંતુ લાંબો સમયથી રાજકારણમાં રહેલા અને અનેક મહત્વના હોદાઓ પર રહી ચુકયા હોવા છતા તેમની સંપતિ તમામ મુખ્યમંત્રીઓની સરેરાશ કરતા અનેકગણી ઓછી છે.

દેશના તમામ મુખ્યમંત્રીમાંથી વ્યક્તિગત આવક સરેરાશ રૂા.૧૩.૬ લાખ છે. આંધ્રપ્રદેશમાં જેલમાં જઈ આવેલા પણ હવે એનડીએ સરકારને ટેકો આપીને સલામત બની ગયેલા મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ અને અરુણાચલમાં મુખ્યમંત્રીપદે એકચક્રી શાસન સંભાળનાર પેમા ખોડુની સંપતિ રૂા.૩૦૦ કરોડથી વધુ છે. ચંદ્રાબાબુની સંપતિ રૂા.૯૭૧ કરોડ છે જયારે ખોડુની સંપતિ ૩૩૨ કરોડની છે.

સૌથી ગરીબ મુખ્યમંત્રી મમતા બેનરજી છે. જેની કુલ સંપતિ રૂા.૧૫ લાખની છે. ત્યારબાદ ઓમાર અબ્દુલ્લાની સંપતિ રૂા.૫૫ લાખની છે અને કેરળના મુખ્યમંત્રી વી.વિજયનની સંપતિ રૂા.૧.૧૮ કરોડની છે જેની સામે આપણા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સંપતિ રૂા.૮.૮૨ કરોડની છે અને રૂા.૧.૫૦ કરોડનું ‘દેવુ’ છે અને તેઓએ પોતાની આવક રૂા.૧૬.૭ લાખની દર્શાવી છે.

ખુદને સામાજીક કાર્યકર્તા તરીકે ગણાવ્યા છે. ૬૦ વર્ષથી ઉપરના શ્રી પટેલ એવા ૧૨ મુખ્યમંત્રીઓમાં આવે છે જે ૫૧થી૬૦ વર્ષના છે. દિલ્હીના મુખ્યમંત્રી આતિષી સૌથી યુવા સીએમ છે જે ૩૮ વર્ષના જ છે અને કેરળના મુખ્યમંત્રી વી.વિજયન સૌથી વૃદ્ધ ૭૭ વર્ષના છે.

શ્રી ભુપેન્દ્ર પટેલ એક જ એવા મુખ્યમંત્રી છે જે ડિપ્લોમા હોલ્ડર છે અને બે મુખ્યમંત્રીઓ ડોકટરેટની ડિગ્રી ધરાવે છે. નવ પોષ્ટ ગ્રેજયુએટ, પાંચ ગ્રેજયુએટ સાથે પ્રોફેશનલ ડિગ્રી ધરાવે છે અને ૧૦ એ ગ્રેજયુએટ છે.

સૌથી દેવાદાર મુખ્યમંત્રીમાં અરુણાચલના ખોડુ પર રૂા.૧૮૦ કરોડનુ દેવુ છે તો કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધરમૈયા પર રૂા.૨૩ કરોડનું દેવુ છે. ૨૩ મુખ્યમંત્રીઓ સામે કોઈને કોઈ ક્રિમીનલ રેકોર્ડ છે. ૧૦ સામે હત્યાના પ્રયાસ, અપહરણ, લાંચ લેવા અને અપરાધીક ધમકીના કેસ પણ છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ગુજરાતમાં આયુર્વેદિક તબીબોને એલોપથીની છુટ આપવાની વિચારણા સામે આઈએમએનો વિરોધ

# આયુર્વેદિક ડોકટરોને એલોપથીની પ્રેક્ટિસની છુટ અપાશે તો દર્દીનું સ્વાસ્થ્ય જોખમાશે : આઈએમએ

### રાજયમાં આયુર્વેદિક તબીબોને એલોપથીની છુટ આપવાની એક અરજીના સંદર્ભમાં આરોગ્ય વિભાગ દ્વારા ત્રીજી જાન્યુઆરીએ બેઠક

ગાંધીનગર,તા.૩૧

આયુર્વેદમાં અભ્યાસ કરીને બનેલા તબીબો જરૂરિયાત અનુસાર એલોપેથીની પ્રેક્ટિસ કરી શકે તેના માટે થયેલી રજૂઆતાન સંદર્ભમાં આરોગ્ય વિભાગ દ્વારા આ મુદ્દે વિચારણ કરવા બેઠકનું આયોજન કરાયું છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના મતે આયુર્વેદના ડોકટરોને એલોપેથીની પ્રેક્ટિસ કરવાની છૂટ આપવી યોગ્ય નથી અને તેનાથી ગુજરાતના દર્દીઓનું સ્વાસ્થ્ય જોખમાઈ શકે છે.

તાજેતરમાં અમદાવાદના એક અરજદાર દ્વારા આરોગ્ય વિભાગ સમક્ષ એવી અરજી કરવામાં આવી હતી. જેમાં આયુર્વેદમાં અભ્યાસ કરી બનેલા તબીબોને જરૂરિયાત અનુસાર એલોપેથીની પ્રેક્ટિસ કરી શકે તે માટે



વિચારણા થવી જોઈએ. જેના સંદર્ભમાં આરોગ્ય-પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ દ્વારા આગામી ત્રીજી જાન્યુઆરીના એક બેઠકનું આયોજન કરાયું છે. આ બેઠકમાં અરજદારને પણ ઉપસ્થિત રહેવાની સૂચના આપવામાં આવી છે.

જો કે, આ રીતે આયુર્વેદના ડોકટરોને એલોપેથીની પ્રેક્ટિસ કરવાની છૂટ સામે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ઉગ્ર વિરોધ નોધાવ્યો છે. આરોગ્ય સચિવને સંબોધીને લખેલા પત્રમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશને જણાવ્યું હતું કે, ’નોન-એલોપેથીના ડોક્ટરોને એલોપેથીની પ્રેક્ટિસ કરવાની છૂટ આપવી જોઈએ જ નહીં.

આ છૂટ અપાશે તો ગુજરાતના લોકોના સ્વાસ્થ્ય-સલામતી ઉપર અસર પડી શકે છે. એવા અનેક કિસ્સા સામે આવ્યા છે જેમાં એલોપેથીની પૂરતી તાલીમ વિના તેની દવા આપનારા ડોક્ટરોથી જે જોખમ સર્જાયું છે અને ઘણાં કિસ્સામાં દર્દીઓના જીવન પર પણ સંકટ ઊભું થયું છે.’

ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના જણાવ્યાનુસાર, ’આ પ્રકારની ગેરમાન્ય પ્રેક્ટિસ તાકીદે અટકાવવામાં નહીં આવે તો તેનાથી સ્વાસ્થ્યક્ષેત્ર ભારે સંકટ હેઠળ મૂકાઈ જશે. એલોપેથીની ક્વોલિફિકેશન નહીં ધરાવનારાને એલોપેથીની પ્રેક્ટિસ નહીં કરવા દેવા સામે હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટે પણ અનેક ચૂકાદા આપેલા છે.’

## ટોપ હિન્દી બ્લોગ્સમાં સામેલ થયું પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવનું બ્લોગ ‘ડાકિયા ડાક લાયા’

# ભારતીય ડાક સેવાના ઉચ્ચ અધિકારી ઉપરાંત સાહિત્યકાર, વિચારક અને બ્લોગર કૃષ્ણ યાદવ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

દેશ-વિદેશમાં ઈન્ટરનેટ પર હિન્દી ભાષાના વ્યાપક પ્રચાર-પ્રસાર અને બ્લોગિંગના માધ્યમથી પોતાની રચનાત્મકતાની વિસ્તૃત વિસ્તૃતિકરણ કરનાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવના બ્લોગ ‘ડાકિયા ડાક લાયા‘ (http://dakbabu.blogspot.com/) ને ટોપ હિન્દી બ્લોગ્સમાં સ્થાન મળ્યું. ઈન્ડિયન ટોપ બ્લોગ્સ નામક સર્વે એજન્સી દ્વારા વિશ્વના હિન્દી બ્લોગ્સ પર કરાયેલા સર્વેના આધાર પર આ બ્લોગને શ્રેષ્ઠ હિન્દી બ્લોગ્સની ડિરેક્ટરીમાં શામિલ કરવામાં આવ્યું છ, જેમાં વર્ષ ૨૦૨૪ માં ૧૦૪ હિન્દી બ્લોગોને સ્થાન મળ્યું છે. ૧૦૦થી વધુ દેશોમાં જોવાતો અને વંચાતો ‘ડાકિયા ડાક લાયા‘ બ્લોગ હાલમાં ૧૬૦૦થી વધુ પોસ્ટ પ્રકાશિત છે. વર્ષ ૨૦૦૮થી બ્લોગિંગમાં સક્રિય અને ‘દશકના શ્રેષ્ઠ હિન્દી બ્લોગર દંપતિ‘ તેમજ સાર્ક દેશોના શ્રેષ્ઠ ‘પરિકલ્પના બ્લોગિંગ સાર્ક શિખર સન્માન‘થી સમ્માનિત શ્રી



કૃષ્ણ કુમાર યાદવ હિન્દી બ્લોગિંગ ક્ષેત્રમાં એક જાણીતા નામ બન્યા છે. ‘ડાકિયા ડાક લાયા‘ બ્લોગ તેની વિવિધ પોસ્ટ્સ દ્વારા ડાક સેવાઓની વિશાળતા, વિવિધતા અને આધુનિક સમયમાં તેમાં થયેલાં બધા બદલાવોને રેખાંકિત કરે છે. આ બ્લોગ દ્વારા ડાક સેવાઓ સાથે જોડાયેલા ઘણા જાણીતા – અજાણ પાસાંને પ્રકાશિત કરવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે.

ગૌરતલબ છે કે બહુમાત્રિક વ્યક્તિત્વ ધરાવતા શ્રી કૃષ્ણ કુમાર યાદવ ભારતીય ડાક સેવા ના ૨૦૦૧ બેચના વરિષ્ઠ અધિકારી છે, સાથે-સાથે સામાજિક, સાહિત્યિક અને સમકાલીન મુદ્દાઓ પર લેખન કરનારા સાહિત્યકાર, વિચારક અને બ્લોગર પણ છે. અત્યાર સુધી એમની ૭ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂકી છે - ‘અભિલાષા‘ (કાવ્ય-સંગ્રહ), ‘અભિવ્યક્તિઓના બહાના ‘ અને ‘અનુભૂતિઓ અને વિમર્શ‘ (નિબંધ-સંગ્રહ), 'India Post : 150 Glorious Years' (2006), ‘ક્રાંતિ-યજ્ઞ : ૧૮૫૭-૧૯૪૭ ની ગાથા‘, ‘જંગલમાં ક્રિકેટ‘ (બાલ-ગીત સંગ્રહ) અને ‘ ૧૬ આને ૧૬ લોક‘ (નિબંધ-સંગ્રહ). વિભાગીય દાયિત્વ અને હિન્દી ના પ્રચાર દરમિયાન, લંડન, ફ્રાંસ, જર્મની, નેદરલેંન્ડ, દક્ષિણ કોરિયા, ભૂટાન, શ્રીલંકા, નેપાલ જેવા દેશોની યાત્રા કરી છે. ‘શબ્દ સર્જન કી ઓર‘ (http://kkyadav.blogspot.com) અને ‘ડાકિયા ડાક લાયા‘ (http://dakbabu.blogspot.com) આપના પ્રખ્યાત બ્લોગ્સ છે. નેપાલ, ભૂટાન અને શ્રીલંકા સહિત અનેક દેશોમાં આયોજિત આંતરરાષ્ટ્રીય બ્લોગર્સ સંમેલનમાં આપને સન્માનિત કરવામાં આવ્યા છે.

દેશના વિવિધ ભાગોમાં - સુરત (ગુજરાત), કાનપુર, અંદમાન-નિકોબાર દ્વીપસમૂહ, પ્રયાગરાજ , જોધપુર, લખનૌ, વારાણસીમાં વિવિધ પદો પર કાર્ય કરવા ઉપરાંત હાલમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ તરીકે કાર્યરત છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે કોઈ સ્વજનની વાતથી દિલ દુખાશે અને મનોમન ઘણી તકલીફ થવાની છે. કામને લઈને મન ઘણુ ખિન્ન રહેવાનુ છે.

**વૃષભઃ** વૃષભ ઘરમાં ઉત્સવ જેવો માહોલ રહેશે, તમે પોતાની સફળતા પર ઘણા ખુશ રહેશો તો મહેમાનોના આવવાથી ઘરમાં કામ પણ વધુ રહેશે.

**મિથુનઃ** કોઈની કહેલી વાતની દિલ દિમાગ પર અસર રહેશે, મનોમન તમે કોઈને પસંદ પણ કરવા લાગશો. કામ પર ફોક્સ કરો, સફળતા જરૂર મળશે.

**કર્ક** કામને લઈને આજે સહયોગીઓ સાથે ઝડપ થઈ શકે છે માટે વાણી પર કંટ્રોલ રાખો અને સકારાત્મક રહેવાની કોશિશ કરો.

**સિંહ** કોઈની વાત તમને દુઃખી-પરેશાન કરી શકે છે માટે લોકોની વાતોને ઈગ્નોર કરવાનુ શીખો કારણકે લોકોની કડવી વાતો માત્ર દુઃખ જ આપે છે.

**કન્યા** તમારા ઘરે આજે કોઈ નવુ મહેમાન આવી શકે છે. અપરિણીતોના લગ્નની વાત થઈ શકે છે. વળી, ઘરની સજાવટ માટે તમે અમુક શોપિંગ કરી શકો છો.

**તુલા** કામ અને ઘરના લોકોને લઈને તમે ખિન્ન રહી શકો છો. મન ઘણુ દુઃખી રહેશે અને માટે તમે નિરાશ અને હતાશ પણ રહેવાના છો.

**વૃશ્ચિક** આજે બાળકો સાથે સમય પસાર કરશો, કોઈ પણ વસ્તુને લઈને તમે પ્લાનિંગ પણ કરી શકો છો. તહેવારની સિઝન છે માટે પરિવાર પર ખર્ચો પણ કરી શકો છો.

**ધન** આજે પ્રેમી-પ્રેમિકાઓનો દિવસ છે. આજે પ્રેમથી દિવસ પસાર કરો અને ખુશ રહેવાનો પ્રયત્ન કરો. સારી બિઝનેસ ડીલ થઈ શકે છે.

**મકર** આજે તમે ખુદને સમય આપો, તમારા આરામની જરૂર છે. પતિ-પત્ની પણ સાથે સમય પસાર કરે આનાથી બંનેને ખુશી મળશે.

**કુંભ** ઘરમાં કામ કરાવી શકો છો. સજાવટની વસ્તુઓ પર આજે પૈસા ખર્ચ થવાના છે. બહાર જવાનુ પણ પ્લાનિંગ તમે કરી શકો છો.

**મીન** તબિયત પર મોસમની અસર જોવા મળી શકે છે. પોતાનુ ધ્યાન રાખો. આજે જૂના દોસ્ત સાથે મુલાકાત થશે જેનાથી દિલ ખુશ થશે.

## ફિલ્મી ગપશપ

### એક્ટ્રેસ પ્રાજક્તા માળીની ભાજપના ધારાસભ્ય સામે બદનક્ષી ભરી ટીપ્પણી મુદ્દે ફરિયાદ

# મહારાષ્ટ્ર રાજય મહિલા પંચે અભિનેત્રીની ફરિયાદ મુદ્દે મુંબઇ પોલીસને તાકીદે કાર્યવાહીનો નિર્દેશ



મુંબઈ, તા. ૩૧

મહારાષ્ટ્ર રાજ્ય મહિલા પંચે સોમવારે મુંબઈ પોલીસને નિર્દેશ આપ્યો હતો કે અભિનેત્રી પ્રાજક્તા માળીની ફરિયાદ પર તાત્કાલિક કાર્યવાહી કરે અને વાસ્તવિક સ્થિતિદર્શક અહેવાલ રજૂ કરે કે ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસે તેમના વિશે અયોગ્ય ટિપ્પણી કરી હતી કે નહીં.

માળીએ પંચમાં એવી ફરિયાદ નોંધાવી હતી કે, ધસની અયોગ્ય અને બદનક્ષીભરી ટિપ્પણીઓની અસર તેમના અંગત અને સામાજિક જીવન પર પડી રહી છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે આ ટિપ્પણીઓ પછી સોશિયલ મીડિયા પર તેમના માટે બદનક્ષીભરી સામગ્રી ફેલાવવામાં આવી હતી. મહારાષ્ટ્ર રાજ્ય મહિલા પંચે તેના એક્સ હેન્ડલ દ્વારા માહિતી આપી હતી કે તેમને માળીની ફરિયાદ મળી છે અને કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

પંચે જણાવ્યું હતું કે, આ મુદ્દો ગંભીર છે અને મુંબઈ પોલીસ કમિશનરને તાત્કાલિક કાર્યવાહી કરવા અને તથ્યપૂર્ણ અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. માળી દ્વારા મહિલા પંચમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ વિશે પૂછવામાં આવતા, ધસે કહ્યું કે આ મુદ્દો તેમના માટે સમાપ્ત થઈ ગયો છે અને તેઓ પરિણામો ભોગવવા તૈયાર છે.

ઉલ્લેખનીય છે કે, પ્રાજક્તા માળી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મુંબઈમાં તેમના નિવાસસ્થાને મળ્યા તેના એક દિવસ પછી મહિલા પંચે ઉપરોક્ત નિવેદન બહાર પાડ્યું છે. ફડણવીસે માળી અને તેમના પરિવારને ખાતરી આપી હતી કે મહિલાઓનું અપમાન કરવાના કોઈપણ કૃત્યને સહન કરવામાં આવશે નહીં અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

‘ધસની મને ધનંજય મુંડે સાથે જોડતી ટિપ્પણીઓ અપમાનજનક છે. તેમણે તેમના સંબંધી નકલી વિડીયો કલીપ્સ બનાવનારાઓ સામે કાર્યવાહી કરવાની પણ માંગણી કરી હતી.

## સાંસદ હરિભાઈ પટેલની અધ્યક્ષતામાં ડીસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીંગ કમિટી (દિશા) ની બેઠક યોજાઈ

# સરકારની વિવિધ ૬૭ યોજનાકીય કામગીરીની સમીક્ષા કરવામાં આવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

સાંસદશ્રી હરિભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લાની ડીસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીંગ કમિટી(“દિશા”) કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. જેમાં જિલ્લામાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ ૬૭ વિકાસ કામો અને યોજનાઓ અંતર્ગત વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કોઓર્ડીનેશન અને મોનિટરિંગ કમિટી (દિશાની) બેઠકમાં કલેકટર કચેરી ખાતે કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ ૬૭ યોજનાઓ અંગે જન પ્રતિનિધિઓ અને અમલીકરણ અધિકારી સાથે સમીક્ષા બેઠકમાં લક્ષ્યાંકો અને સિદ્ધિ વિશે છણાવટ કરી અધિકારીઓએ તેમના વિભાગની કામગીરીની વિગતો અંગેનો પ્રગતિનો અહેવાલ રજૂ કર્યો હતો.



સાંસદશ્રી હરિભાઈ પટેલે કામગીરીની સમીક્ષા કરતા વિવિધ વિભાગોને લગતી જનકલ્યાણકારી યોજનાઓના લાભ તમામ જરૂરીયાતમંદો નાગરિકોને સમયસર મળી રહે તે સુનિશ્ચિત કરવા જરૂરી સૂચનો સાથે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રોજેક્ટ ભુગર્ભ જળસંચયની કામગીરીને ખાસ પ્રાધાન્ય આપવા અધિકારીશ્રીઓને સૂચિત કરાયા હતા. સ્માર્ટ સિટી અંતર્ગત મહેસાણા જિલ્લાની પણ પસંદગી કરાવવા પ્રયત્નો કરવામાં આવે. સોઈલ હેલ્થ કાર્ડ અંતર્ગત સાંસદશ્રી હરિભાઈ સહિત ધારાસભ્યશ્રીઓએ અમલીકરણ અધિકારીને સૂચન કર્યું હતું કે ગામના ખેડૂતોને સાથે રાખીને જમીનના નમુના લેવાની, પ્રાકૃતિક આધારિત ખેતી કરવા માટે તેમજ કિસાન કોલ સેન્ટર નવી યોજના બાબતે સૌને માહિતગાર કરવા જણાવેલ . સાંસદશ્રી એ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને યોજનાના વાસ્તવિક અમલીકરણ બાબતે સૌને માહિતગાર કરવા સૂચન કર્યું હતું. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત જીલ્લાના નાગરિકોને વધારેમાં વધારે માહિતગાર કરવામાં આવે તેમજ બનાસકાંઠા અને અન્ય જિલ્લાઓમાં તેના પ્રેરણા પ્રવાસ કરવામાં આવે તે પણ સૂચન કરાવ્યું હતું.....

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આરોગ્યના સંકલન સાથે જતન પ્રોજેક્ટ થી અને રાષ્ટ્રીય સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત કુપોષણ અને આરોગ્ય ને લગતી થતી કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી. બેટી બચાવો બેટી પઢાઓ યોજના અંતર્ગત સાંસદશ્રી સહિત કલેકટર તેમજ ધારાસભ્ય શ્રીઓએ ‘દિશા’ સભ્યો તેમજ અધિકારીશ્રીઓને સૂચન કર્યું હતું કે જિલ્લાના દરેક ગામડામાં આ બાબતે જનજાગૃતિ અને તેનો અમલીકરણ થાય. રાષ્ટ્રીય ક્ષય નાબૂદી કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં વધારેમાં વધારે નિક્ષય મિત્રો બનાવવાની જરૂર છે તેમજ જન પ્રતિનિધિઓને વધારેમાં વધારે નિક્ષય મિત્રો કરવામાં આવે તેમ જણાવેલ.આ ઉપરાંત એપીએમસી તેમજ કંપનીઓને સીએસઆર હેઠળ છ માસ સુધી દર્દીને દત્તક લઈને પોષણ કીટ આપે તેવા પણ પ્રયત્ન કરવા જોઈએ એમ સૌએ સહમતિ રજુ કરી હતી....

આ બેઠકમાં અટલ મિશન ફોર રિજુવેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન-×અમૃત ×, પ્રધાનમંત્રી આવાસ યોજના ,સ્વચ્છતા હી સેવા અભિયાન , સોઈલ હેલ્થ કાર્ડ, આત્મા , કિસાન કોલ સેન્ટર, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ,રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ તેમજ કૃત્રિમ બીજદાન ,રાષ્ટ્રીય પશુધન મિશન, રાષ્ટ્રીય ગોકુલ મિશન, ડેરી વિકાસ માટે રાષ્ટ્રીય કાર્ય, ગ્રામીણ વિસ્તારનું જામીન વિસ્તારમાં ટેકનોલોજી સાથે મેપિગ- ‘સ્વામીત્વ’યોજના ,રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન, ચાઈલ્ડ ઈન્ટિગ્રેટેડ ડેવલોપમેન્ટ સ્કીમ, બાળકોની સલામતી અને સંરક્ષણ ,બેટી બચાવો બેટી પઢાઓ , પ્રધાન માતૃ વંદના યોજના, મહિલાઓની સલામતી અને સંરક્ષણ, રાષ્ટ્રીય પીએમ પોષણ યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના,પં. દિન દયાળ અંત્યોદય યોજના ,એનએલઆરએમ, રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ,મનરેગા, રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ, ખેતી, સિંચાઈ સહિત વિવિધ વિભાગની કલ્યાણ કારી યોજનાઓને લગતા પ્રશ્નો અને રજૂઆતની ઝીણવટપૂર્વક સમીક્ષા કરી હતી. જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂતો વધુને વધુ પ્રાકૃતિક કૃષિ તરફ વળે અને પ્રાકૃતિક ખેતીથી થતાં ઉત્પાદનો વેચાણ માટે પ્રોત્સાહન મળે તેવા પગલાંઓ લેવા અધિકારીશ્રીઓ સાથે પરામર્શ કરાયો હતો. વિવિધ ૬૭ યોજનાઓ અંગે સંબંધિત અધિકારીશ્રીઓ સાથે સમીક્ષા કરવામાં આવી હતી... સાંસદશ્રી સાથે જિલ્લા કલેક્ટરશ્રી એમ.નાગરાજને પણ સોશિયલ મીડિયાના વિવિધ માધ્યમોથી કેન્દ્ર-રાજય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ મહત્તમ લાભાર્થીઓને મળી રહે તે દિશામાં વધુમાં વધુ પ્રચાર પ્રસાર કરવા અંગે ચર્ચા કરી હતી. બેઠકમાં તમામ યોજનાઓનું પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું.

આ બેઠકમાં સર્વશ્રી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તૃષાબેન પટેલ, મહેસાણાના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ ,ખેરાલુ ધારાસભ્યશ્રી સરદારભાઈ ચૌધરી, વિજાપુરના ધારાસભ્ય શ્રી ડો. સી.જે. ચાવડા, બેચરાજી ધારાસભ્ય શ્રી સુખાજીઠાકોર તેમજ દિશા કમિટીના નવ નિર્મિત સભ્યો સહિત કલેકટરશ્રી એમ.નાગરાજન ,જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ.હસરત જૈસ્મીન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એચ.એમ.ચાવડા સહિત યોજનાઓના અમલીકરણ અધિકારીશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ ,નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રીઓ, સંબંધિત વિભાગોને અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ફ્લેટ સ્કીમમાં પ્લાનમાં દર્શાવેલી જમીન કરતા ઓછી જમીન આપીને પ્લોટ વેચી નાખ્યા

# બિલ્ડરની ગોલમાલ : પેનલ્ટી ફટકારતા 'રેરા'નો આદેશ

### ધોરાજીના કિસ્સામાં મહત્વનો આદેશ: બિલ્ડર પાસેથી પ્લોટ ખરીદનારા પાસેથી પણ વળતરની છૂટ

ગાંધીનગર તા.૩૧

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા એક મહત્વનો હુકમ જ્યારે કરીને રાજકોટ જિલ્લાના ધોરાજી ખાતે ફ્લેટની સ્કીમ મૂકનાર બિલ્ડરને સામે પેનલ્ટીની કાર્યવાહી શરૂ કરવા માટે રેરાના સેક્રેટરીને આદેશ કર્યો છે.

આ કિસ્સામાં બિલ્ડરે મૂળ પ્લાન માં જે જમીનનું ક્ષેત્રફળ બતાવ્યું હતું તેના બદલે ૧૬૮.૫૦ ચોરસ મીટર જમીન ઓછી સોસાયટીને સોંપી હતી અને તેના બે પ્લોટ પાડીને ત્રાહિત વ્યક્તિઓને વેચાણ દસ્તાવેજથી વેચી દીધા હતા.




આ બાબતને ગંભીરતાથી લઈને રેરા ઓથોરિટી દ્વારા ઠરાવવામાં આવ્યું હતું કે બિલ્ડર દ્વારા રેરાની કલમ ૧૭(૧) નો ભંગ કર્યો હોવાથી તેઓ પેનલ્ટી આપવા માટે જવાબદાર ઠરે છે તેના માટે રેરાના સેક્રેટરી દ્વારા આગળની કાર્યવાહી કરવાની રહેશે.

બીજી બાજુ જે બે રહીશોને સોસાયટીની જમીન બિલ્ડર દ્વારા દસ્તાવેજ ના માધ્યમથી વેચી દેવામાં આવી છે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા અથવા તો જમીનનું બજાર કિંમત મુજબ વળતર મેળવવા માટે સોસાયટીના રહીશોને રેરા એ પોતાના આદેશના માધ્યમથી છૂટ આપી છે. ફરિયાદી વિજયાબેન કાનજીભાઈ માકડીયા દ્વારા એવી અરજી દાખલ કરવામાં આવી હતી કે રાજકોટ જિલ્લાના ધોરાજીના સ્ટેશન રોડ ઉપર રાધે ડેવલોપર્સની ભાગીદારી પેઢી દ્વારા રાધે પાર્ક એપાર્ટમેન્ટ નામની સ્કીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્કીમમાં કુલ ૯૭૪. ૭૬ ચોરસ મીટર જમીન ઉપર ૧૬ ફ્લેટની સ્કીમ મૂકવામાં આવી હતી અને આ તમામ ફ્લેટો તૈયાર કરીને વેચવામાં આવ્યા હતા.

પરંતુ જ્યારે આ ફ્લેટ નો સોસાયટીને કબજો આપવામાં આવ્યો ત્યારે માત્ર ૮૦૬.૨૬ ચોરસ મીટર જમીન જ સોસાયટીને સોંપવામાં આવી હતી અને બાકીની ૧૬૮.૫૦ ચોરસ મીટર જમીન બિલ્ડરે પોતાની પાસે રાખીને બીજા બે વ્યક્તિઓને વેચાણ દસ્તાવેજથી વહેંચી દીધી હતી. આ ઉપરાંત બિલ્ડર બિલ્ડિંગમાં ખૂબ જ હલકી ગુણવત્તાના સાધન સરંજામ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

બિલ્ડીંગમાં ઠેર ઠેર પાણી લીક થાય છે તેના કારણે તેમના મકાનને નુકસાન પહોંચ્યું છે. આ કેસમાં ફરિયાદી તરફથી સામા વાળા તરીકે રાધે ડેવલપર ની ભાગીદારી પેઢીના કિરણભાઈ જસમતભાઈ હરપાલ, નીરવ વિનોદભાઈ વઘાસિયા, પરેશભાઈ મનસુખભાઈ પાટડીયા, અમરીશભાઈ મનસુખભાઈ પાટડીયા અને રાજેશભાઈ મનસુખભાઈ પાટડીયા તરીકે બતાવવામાં આવ્યા હતા.

## બિલ્ડર નો જવાબ

**આ બાબતે રેરા દ્વારા બિલ્ડરને નોટિસ પાઠવવામાં આવતા તેના તરફથી જવાબ આપવામાં આવ્યો હતો કે ફ્લેટ ધારકોને દસ્તાવેજ કરી આપવામાં આવે તે પહેલા કુલ જમીનમાંથી અલગ અલગ બે પ્લોટની જમીનો તેઓએ વેચાણ કરેલી છે. તેઓએ પ્રોજેક્ટની જમીન ૮૦ ૬.૨૬ ચોરસ મીટર જ છે તે બાબતનું પ્રોપર્ટી કાર્ડ પણ કરાવેલું છે. બીજું કે ફ્લેટ ધારકોને થયેલી નુકસાની પેટે અને નબળી ગુણવત્તાના બાંધકામ પેટે પૂરતી રકમનું વળતર રોકડમાં ચૂકવી આપવામાં આવેલું છે આથી તેઓને ફરિયાદ દાખલ ફેરવવા પાત્ર થાય છે.**

## રેરા નું અવલોકન

**બંને પક્ષકારોની દલીલો ધ્યાનમાં લીધા બાદ ઓથોરિટી દ્વારા તા. ૧૮ નવેમ્બરના રોજ આપેલા એક આદેશમાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે બિલ્ડર દ્વારા પૂરેપૂરી જમીન ઉપરની એફ એસ આઇ ધોરાજી નગરપાલિકામાંથી મેળવેલી છે. આથી તેઓએ પૂરેપૂરી જમીન પર બાંધકામનો લાભ લીધેલો છે. વળી પ્રોજેક્ટના રજીસ્ટ્રેશન માં પણ પૂરેપૂરા ક્ષેત્રફળનું બાંધકામ બતાવેલ છે. આથી તેઓએ કાયદાનું ભંગ કરીને સોસાયટીના રહીશોને ગેરમાર્ગે દોરીને ૮૦૬.૨૬ ચોરસ મીટર જમીન આપી છે. રેરા એક્ટની કલમ ૧૭ (૧)ની જોગવાઈ મુજબ બિલ્ડર દ્વારા પ્રોજેક્ટનો જે કોઈ કોમન એરિયા હોય અને પ્રોજેક્ટની જે જમીન હોય તે એલોટીઓના એસોસિયેશનને સોંપી જોઈએ.**

### ભાજપ સંગઠન રચના કામગીરી ત્રીજા ગીયરમાં

# હવે જીલ્લા - મહાનગર પ્રમુખ નિયુક્તિ પ્રક્રિયા મુદ્દે કાલે કમલમમાં પ્રદેશ નિરીક્ષકોની બેઠક

### દિલ્હીથી મળેલી માગરિખા મુજબ ગુજરાતમાં આ સપ્તાહથી જ શહેર-જીલ્લા પ્રમુખો માટે 'અરજી' મંગાવાય તેવા સંકેત

(ગરવી તાકાત) અમદાવાદ તા.૩૧

ગુજરાતમાં ભાજપ સંગઠન રચનાની પ્રક્રિયા હવે ત્રીજા તબકકામાં પહોંચી છે અને ૩૩ જીલ્લા અને ૮ મહાનગરોમાં નવા પ્રમુખની નિયુક્તિ બાદ પ્રદેશ સંગઠન માળખુ રચવાની પ્રક્રિયા હાથ ધરાશે. તાલુકા-વોર્ડ કક્ષાએ પ્રમુખોની નિયુક્તિની પ્રક્રિયા પુરી થઈ છે અને જે બાકી છે તે નવા સંગઠન માળખાની રચના બાદ ત્યાં નિયુક્તિ કરાશે.મહાનગર-જીલ્લા પ્રમુખ નિયુક્ત કરવા માટે વોર્ડ-તાલુકા પ્રમુખની માફક જ અરજી મંગાવવા સહિતની પ્રક્રિયા નિશ્ચિત કરવા આવતીકાલે ગાંધીનગરમાં પ્રદેશ નિયુક્ત ચુંટણી નિરીક્ષકોની બેઠક યોજાશે. હાલમાં જ દિલ્હી ખાતે



ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી જે સંગઠનની કામગીરી જુએ છે તેઓએ બોલાવેલી બેઠકમાં સંગઠનના મહત્વના તબકકા છે તે અંગે માર્ગદર્શન અપાયુ હતુ અને તે અંગે હવે કાલની બેઠકમાં વિસ્તૃત માર્ગદર્શન અપાશે.

આ બેઠકમાં પ્રદેશ દ્વારા જે નિરીક્ષકો નિયુક્ત થયા છે તેઓને જ હાજરી આપવાની છે. જેઓ બાદમાં તેમને ફાળવવામાં આવેલા જીલ્લા મહાનગરોમાં જશે અને પ્રમુખ નિયુક્તિની પ્રક્રિયા શરૂ થશે જેના માપદંડ પણ કાલે જાહેર થાય તેવી શકયતા છે.

રાજકોટ ભાજપમાં સંગઠન પ્રક્રિયા માટે નિરીક્ષક તરીકે પુર્વ મંત્રી માયાબેન કોડનાણી નિયુક્ત થયા છે. જેમાં વોર્ડ પ્રમુખની નિયુક્તિની કામગીરી પાર પાડી હતી અને તેમની સાથે પ્રદેશ સહનિરીક્ષક તથા રાજકોટ ભાજપના બે અગ્રણીઓએ સહાયક નિરીક્ષક તરીકે નિયુક્ત કરાયા હતા પણ કાલની બેઠકમાં ફકત પ્રદેશ નિરીક્ષક માયાબેન કોડનાણી જ હાજર રહેશે. રાજકોટ શહેર ભાજપમાં એક વખત શહેર પ્રમુખ નિયુક્તિની પ્રક્રિયા શરૂ થયા બાદ દાવેદારી અંગે ચિત્ર સ્પષ્ટ થશે તેવા સંકેત છે.

### પોલીસ 'ફરિયાદો' નોંધતી ન હોવાના ઉહાપોહને પગલે

# સામાન્ય લોકોની કોઇપણ ફરિયાદ પોલીસે નોંધવી પડશેઃ ખૂદ મુખ્યમંત્રીનો આદેશઃ લેખિત પત્ર પાઠવાયો

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩૧

ગુજરાતમાં છેલ્લાં ઘણાં સમયથી લોકો પોલીસના મનસ્વીપણાની ફરિયાદ કરી રહ્યા છે. સામાન્ય નાગરિકો એકબાજુ ન્યાય મેળવવા ધક્કા ખાઈ રહ્યા છે. બીજી તરફ, અસામાજિક તત્ત્વો મનફાવે તેમ જાહેરમાં ગુનાખોરીને અંજામ આપી રહ્યા હોય તેવા કિસ્સા સામે આવે છે. વર્ષોથી નાગરિકો પોલીસ ફરિયાદ નથી નોંધતી તેવા પર આરોપ લગાવે છે, પરંતુ હવે જનતાના આ આરોપ સાચા પડ્યા



છે. આ વાત સરકારે જ આડકતરી રીતે કબૂલી છે.

તાજેતરમાં SWAGAT (સ્ટેટ વાઈડ એટેન્શન ઓન ગ્રિવ્સ બાય ઍપ્લિકેશન ઑફ ટેક્નોલોજી) કાર્યક્રમમાં લોકોએ પોલીસ દ્વારા ફરિયાદ ન લેવાતી હોવાની મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી. આ રજૂઆત બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૭ ડિસેમ્બરે અધિક ગૃહ સચિવ એમ. કે. દાસ, રાજ્યના તમામ પોલીસ કમિશ્નરો અને એસપીને પત્ર લખીને ટકોર કરી છે કે, 'સામાન્ય માણસની ફરિયાદ નોંધો, તપાસ કરો અને ફરિયાદનો નિકાલ કરો.

જો સામાન્ય લોકોની ફરિયાદ નહીં નોંધો, તો કડક કાર્યવાહી કરાશે. આ પત્ર જાહેર થયા પછી પ્રશ્ન એ છે કે, શું ગુજરાત પોલીસ રાજ્યમાં ચોપડે ક્રાઈમ રેટ ઓછો નોંધાય તે માટે આવું કરી રહી છે?

આ સિવાય ગુજરાત પોલીસના આ વર્તનથી સામાન્ય માણસોને ન્યાય ન મળવા અથવા ન્યાય મળવામાં મોડું થતાં તેમના બંધારણીય હકોના ઉલ્લંઘન બદલ કોણ જવાબદાર? હવે જોવાનું રહ્યું કે, અધિક ગૃહ સચિવના પત્ર બાદ પોલીસ તંત્ર દ્વારા સામાન્ય નાગરિકોની ફરિયાદો પર કેટલું ધ્યાન આપવામાં આવે છે.

# તમારી કોઈ નિંદા કરે તો તમે નિંદા શાંતિથી સહન કરજો. માનજો કે નિંદક મારા દોષનું મને ભાન કરાવે છે, મારા પાપને તે ધૂએ છે

આજે અંગ્રેજી નવા વર્ષનો પહેલો દિવસ ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભગવાન કૃપા કરે છે ત્યારે સંપત્તિ આપતા નથી, પણ સાચા સંતનો સત્સંગ આપે છે. સ ઈશ્વર કૃપાથી મળે છે પણ કુસંગ માં ન રહેવું તે તમારા હાથની વાત છે.

ઈશ્વર માટે લૌકિક સુખનો પણ ત્યાગ ન કરે ત્યાં સુધી તે જીવ માટે પ્રભુને દયા આવતી નથી સર્વનો ત્યાગ કરી વિદુરજી- સુલભા પરમેશ્વરનું આરાધન કરે છે, તપ કરે છે.તપ કરવાથી પાપ બળે છે,જીવ શુદ્ધ થાય છે. ગૃહસ્થનો ધર્મ છે કે, વર્ષમાં અગિયાર માસ ઘરમાં રહેવું અને એકમાસ કોઈ પવિત્ર તીર્થમાં, પવિત્ર સ્થળે એકાંતમાં બેસી તપ કરવું. તે વખતે પ્રવૃત્તિ ન હોવી જોઈએ જે કાર્ય કરો તે પ્રભુ માટે જ કરો.તપ કરવાથી પરમાત્માને દયા આવે છે.તપનું પહેલું અંગ છે. જીભ ઉપર અંકુશ.જેને જરૂરિયાત વધારે છે તે તપ કરી શકશે નહીં આજકાલ લોકોને જરૂરિયાત વધારે છે. પરિણામ એ આવે છે કે સંપત્તિ અને સમયનો વ્યય ઈન્દ્રિયોને લાડ લડાવવામાં થાય છે મનુષ્ય સાધના કરતો નથી અને ખોટી વાતો કરે છે કે, મને ભગવાન દેખાતા નથી. ભગવાન સુલભ નથી પણ દુર્લભ છે.વિદુરજીએ પરમાત્મા માટે તપશ્ચર્યા કરી છે, તેથી વગર આમંત્રણ પરમાત્મા તેને ઘરે આવ્યા છે.વિદુરજીનો પ્રેમ એવો કે પરમાત્માને પણ તેની પાસે માગવાની ઈચ્છા થાય,ત્યારે સમજવું કે આપણી ભક્તિ સાચી છે.જ્યાં પરમાત્માને પણ પ્રેમહોય તા માગીને ખાવાની ઈચ્છા થાય છે. પ્રેમ હોય તો કનૈયો કહે છે,તું મારા માટે માખણ લઈ આવ જ્યાં પ્રેમ ન હોય ત્યાં આપે તો પણ ખાવાની ઈચ્છા થતી નથી. ઈશ્વર સાથે જેને પ્રેમ કરવો તે જગત સાથે બહુ પ્રેમ ન કરે. જગતનો તિરસ્કાર ન કરો



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

તેમ તેની સાથે પ્રેમ પણ ન કરો. કે કરવા લાયક એક ઈશ્વર છે.

વિદુરજીને ત્યાં પરમાત્મા પધાર્યા છે. સુલભાની ઈચ્છા સફળ થઈ છે.ઠાકોરજીએ તેની ભાજી આરોગી છે. મૈત્રી સમાનમાં થાય. જીવ જો ઈશ્વર જેવો બને તો ભગવાન તેના ઘરે આવે.પ્રભુ જ ઘરનું પાણીપીધું નથી એટલે કૌરવોનો વિનાશ થશે. શુકદેવજી રાજાને કહે છે કહેવું મા-ન્યુ નહી. પછી વિદરજીને બોલાવવામાં આવ્યા. વિદુરજીએ ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપી સમજાવવા પ્રયત્ન કર્યો પણ ધૃતરાષ્ટ્ર તેનું માનતા નથી.આ ઉપદેશ વિદુરનીતિના નામે ઓળખાય છે. જે બીજાના ધનનું હરણ કરી લે આંધળો થઈ જાય છે તે ધૃતરાષ્ટ્ર.પણ આજ કાલ તો ધૃતરાષ્ટો બહુ વધી પડ્યા છે.જેની આંખમાં પૈસો છે તે આંખ હોવા દો. તારો પુત્ર નથી તરીકે આવ્યો છે.એ તારા વંશનો વિનાશ કરવા આવ્યો છે. ઘણીવાર પાપ જ પુત્રરૂપે



આવે અને ત્રાસ આપે છે. શાસ્ત્રમાં કહ્યું છે,દુરાચારી દીકરો માબાપની દુર્ગતિ કરે છે.સદાચારી પુત્ર માબાપની સદગતિ કરે છે. પુત્ર દુરાચારી હોય તો તેનો સંગ છોડી દેવો.માનવું આ મારો પુત્ર નથી, મારું પાપ પુત્ર રૂપે આવ્યું છે. આજકાલના યુવાનો પાપની બીક રાખતા નથી તેથી માર ખાય છે. ચોરી અને વ્યભિચારને મહા પાપ માન્યાં છે.તે ક્ષમ્ય નથી.બીજાં પાપો ક્ષમ્યછે.કેટલાંક ચોરજેલમાં કેટલાંક ચોર મહેલમાં રહે છે.ચોર એટલે?વગર મહેનતે બીજાનું પચાવે તે ચોર છે.જેનું છે તેને આપ્યા વિના મફતનું ખાય તે ચોર છે,વગર મહેનતનું જે ખાય તે ચોર છે. સ્થિતિ સારી હોવા છતાં જે અતિથિ સત્કાર કરતો નથી તે ચોર છે. પોતાને માટે જ રાંધીને ખાય તે ચોર છે. અગ્નિમાં આહુતિ આપ્યા વગર ખાય તે ચોર છે. વ્યાજબી નફા કરતાં વધારે લે તે ચોર છે.વિચારો આમાંથી કોઈમાં તમારો નંબર તો નથી ને?

વિદુરજી કહે છે કે, પ્રભુએ પાંડવો ને અપનાવ્યા છે.તેથી તેઓને પ્રભુ ગાદી ઉપર બેસાડશે. ધર્મરાજા તારા અપરાધ ક્ષમા કરવા તૈયાર છે.ધર્મ રાજા અજાત શત્રુ છે.માટે હજુ દુર્યોધનનો મોહ ત્યાગ, નહીં તો વિનાશ થશે.

ધૃતરાષ્ટ્ર કહે છે,ભાઈ,તું કહે તે સાચું છે,પણ દુર્યોધન જ્યારે મારી પાસે આવે છે ત્યારે મારું જ્ઞાન રહેતું નથી. પાપનો બાપ છે લોભ અને પાપની મા છે મમતા. લોભ અને મમતા પાપ કરાવે છે. દુર્યોધનને કાને વાત આવી કે, વિદુરકાકા અમારી વિરુદ્ધ વાતો કરતા હતા.તરત દુર્યોધને વિદુરજી ને સભામાં બોલાવી એમનું અપમાન કર્યું.

યક્ષ-યુધિષ્ઠિર સંવાદમાં યક્ષે પ્રશ્ન કર્યો કે, કાયમનો નરકમાં કોણ પડે છે? ત્યારે યુધિષ્ઠિર કહે છે કે, આમંત્રણ આપે અને તેનું અપમાન કરે તે કાયમ માટે નરકમાં પડે છે.

દુર્યોધન વિદુરજીને કહે છે,તું દાસીપુત્ર મારું જ અન્ન ખાઈને મારી નિંદા કરે છે? મારા ઘરનું ખાઈ મારી વિરુદ્ધ કામ કરે છે?

વિદુરજી એવા ધીર ગંભીર છે કે, તે નિંદા સહન કરે છે.સભામાં નિંદા સહન કરેતે સંત.સમર્થ હોવા છતાં જે સહન કરે તે સંત. તે ભગવાનનો અવતાર છે.વિદુરજી માં એવી શક્તિ હતી કે,આંખ ઊઘાડીને દુર્યોધન સામે જુએ તો દુર્યોધન બળીને ખાક થાય. પણ વિદુરજી તે શક્તિનો ઉપયોગ કરતા નથી. શક્તિનો દુરુપયોગ કરે તે દૈત્ય.સંપત્તિ અને સમયનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે છે એ દેવ. તમે ખૂબ સહન કરશો તો સંત થશો.કેટલીક સાસુઓ વહુઓ ઉપર જુલમ કરે છે. તે કહે છે કે, હું વહુ કરતાં મોટી એટલે તેને હુકમ કરવાનો હક્ક છે. વિચાર કરો,વહુ કરતા સાસુ મોટી નથી. બંને સમાન વયનાં છે. સાસુ-વહુનો એક જ દિવસે સાથે જન્મ થયો છે. જે દિવસે એક વહુ બની તે જ દિવસે બીજી સાસુ બની છે.કોઈ જીવને અવગણશો નહીં.

વિદુરજીએ જેવું બાર વર્ષ તપ કર્યું તે પ્રમાણે કરશો,તો સહનકરવાની શક્તિ આવશે.અતિ સાત્ત્વિક આહાર જેનો હશે તે સહન કરી શકશે.સાત્ત્વિક આહાર વિના સહનશક્તિ આવતી નથી. વિદુરજી બાર વર્ષ ભાજી ઉપર રહ્યા છે. તમે બાર મહિના ભાજી ઉપર રહેશો તો સહન કરવાની શક્તિ આવશે. તેલ-મરચાં ખૂબ ખાય તો સ્વભાવ મરચાં જેવો થશે આ જીવનો એવો સ્વભાવ છે કે, એને જે મળ્યું છે તેમાં સંતોષ નથી.વિદુરજીએ તાંદળજા ની ભાજીમાં સંતોષમાની ઈશ્વરનું આરાધન કર્યું છે.

અપમાનથી વિદુરજી ગ્લાનિ પામતા નથી. સભામાં દુર્યોધને વિદુરજીનું અપમાન કર્યું તેમ છતાં ગુસ્સે થયા નથી. વિદુરકાકાએ એકલી ભાજી ખાધેલીને? જીવનમાં સુખી રહેવું હોય તો 'ક્મ ખાઓ અને ગમ ખાઓ.' મનુષ્યને બધું ખાતાં આવડે છે, ફક્ત ગમ ખાતાં આવડતું નથી.

તમારી કોઈ નિંદા કરે તો તમે નિંદા શાંતિથી સહન કરજો. માનજો કે નિંદક મારા દોષનું મને ભાન કરાવે છે, મારા પાપને તે ધૂએ છે.કેટલાકને નિંદા કર્યા વગર ખાધેલું પચતું નથી. આ દુનિયાએ નિંદા કર્યા વગર કોઈને છોડયો નથી. નિંદા કરનાર ઉપર ક્રોધ ન કરવો.નિંદા સાંભળીને તેમાં પણ ઈશ્વરનો શુભ સંકેત માનવો. વિદુરનું અપમાન કરવામાં આવ્યું તો પણ તેમાં તેઓ પ્રભુની કૃપાનો અનુભવ કરાવે છે.

વિદુરજી કહે છે કે, દુર્યોધન મારી નિંદા કરતો નથી, પણ દુર્યોધનના અંતરમાં રહેલા નારાયણ મને કહે છે કે,કૌરવોનો કુસંગ તું છોડી દે. મહાપુરુષ નિંદામાંથી પણ સાર કાઢે છે.સારી વસ્તુમાં સારું દેખાય એ સાધારણ વૈષ્ણવ, પણ જેને ખરાબમાં પણ સારું તત્ત્વ દેખાય એ ઉત્તમ વૈષ્ણવ છે.પ્રતિકૂળ પરિસ્થિતિમાં વૈષ્ણવ પ્રભુનો અનુગ્રહ જ જુએ છે. કૌરવોના મંડળમાં વિદુરજી વિરાજે તો કૌરવોનો વિનાશ થાય નહીં એટલે પ્રભુ વિદુરજીનેત્યાંથી જવાની પ્રેરણા કરે છે.રામાયણમાં રાવણે વિભિષણનું અને ભાગવતમાં દુર્યોધને વિદુરજીનું અપમાન કરેલું આ પ્રમાણે સંતોના અપમાનથી તેઓનો નાશ થયો ઘરમાં એકાદ પુણ્યશાળી માણસ હોય,તો તે ઘરના માણસોનું કોઈ અહિત કરી શકતું નથી. વિદરના જવાથી કૌરવોનો નાશ થયો. વિભિષણની જવાથી લંકાના રાક્ષસોનો નાશ થયો.

દુર્યોધને નોકરોને હુકમ કર્યો કે, આ વિદુરજીને ધક્કો મારીને બહાર કાઢો.સેવકો ધક્કો મારી બહાર કાઢે તે પહેલાં વિદુરજીએ સમજીને ઘરનો ત્યાગ કર્યો.

વાચક ચાહક મિત્રો જય માતાજી સુપ્રભાત સૌને ૨૦૨૫ નવા વર્ષની શુભેચ્છા પાઠવું છું.

## ૨૪ થી વધુ બાઈકો મળી આવી છે જે પૈકી ૧૧ જુના ગુનાઓ સહિત ૧૩ નવા ગુનાઓ ઉકેલાઈ ગયા છે

# સાબરકાંઠાની ખેરોજ પોલીસે બાતમીના આધારે બાઇક ચોરોને ઝડપી લઈ તપાસ હાથ ધરી : ૨૪ થી વધારે બાઈક મળી આવ્યા





(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૩૧

સાબરકાંઠાની ખેરોજ પોલીસે બાતમીના આધારે એક પૂર્વ આરોપીની પૂછતાજ કરતા સાબરકાંઠા મહેસાણા બનાસકાંઠા સહિત સ્થાનિક વિસ્તારમાં ૨૪ થી વધુ બાઈકો મળી આવી છે જે પૈકી ૧૧ જુના ગુનાઓ સહિત ૧૩ નવા ગુનાઓ ઉકેલાઈ ગયા છે તેમજ પોલીસે આરોપીની અટકાયત કરી તેને જેલના સળીયા પાછળ ધકેલવામાં સફળતા મેળવી છે. સાબરકાંઠાના ખેડબ્રહ્માના ખેરોજ વિસ્તારમાં દિવ્યાભાઈ નામના આરોપી બાઈક લઈ પસાર થવાના હોવાની બાતમી મળી હતી જેના પગલે પોલીસે દિવ્યાભાઈ ની બાઈક અંગે પૂછપરછ કરતા આ બાઈક ખેડબ્રહ્મા વિસ્તારમાં ચોરીનું કર્યું હોવાનું ખુલ્યું હતું જેના પગલે આરોપીને ખેરોજમાં પોલીસ મથકે લાવી આ મામલે વધુ પૂછપરછ કરતા એક સાથે ૨૪ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે દિવ્યાભાઈએ અન્ય એક યુવકના સહયોગથી સાબરકાંઠા બનાસકાંઠા તેમજ મહેસાણા વિસ્તારની ૨૪ જેટલી બાઈકો ચોરી હતી સાથોસાથ સ્થાનિક વિસ્તારમાં ચોરી કર્યા નું ખુલતા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. મોટાભાગે ચોરી કરનારા આ ઈસમ અવાવરું જગ્યાએ પડેલી બાઈક સહિત રોડની સાઈડ ઉપર મુકાયેલી બાઈકોને નિશાન બનાવતો હતો. કોઈપણ ખેડૂત રોડની સાઈડ ઉપર બાઈક મૂકી ખેતરમાં ગયો હોય તો આ આરોપીઓ તાત્કાલિક ધોરણે બાઈક ઉઠાવી લઈ જતો હતો તેમજ બાઈક ચોરીમાં આ આરોપીએ ઉત્તર ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં ખરભરાટ મચાવ્યો હતો. સ્થાનિક વિસ્તારમાં ચોરીના મામલે આ આરોપી સામે ૧૧ જેટલા ગુનાઓ નોંધાયા હતા. સાથોસાથ તેર જેટલી નવી ચોરી કબૂલતા ખેરોજ પોલીસે ૨૪ જેટલી બાઈક ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે. જોકે એક તરફ ઉત્તર ગુજરાતમાં દિન પ્રતિદિન બાઈકો ની ચોરીની ઘટનાઓ વધી રહી છે ત્યારે આ મામલે પાયારૂપ તપાસ હાથ ધરવામાં આવે તો હજુ પણ દીનપ્રતિદિન વધતી જતી બાઈક ચોરીના ગુનાઓ ઉપર અંકુશ લાવી શકાય તેમ છે ત્યારે જોવું એ રહે છે કે આ મામલે આગામી સમયમાં પોલીસ તંત્ર દ્વારા આરોપીઓ સામે કેટલી અને કેવી કાર્યવાહી કરે છે....

## આજની તારીખે પણ મોટાભાગનો વન વિભાગ નો સ્ટાફ હોતી હૈ ચલતી હૈ નીતિ અપનાવી રહ્યો છે

# ઇડરમાં વન વિભાગના જ કેટલાક અધિકારીઓ માત્ર ટાઇમપાસ વર્તન કરી કેટલાય વન્યજીવો માટે મોતનું કારણ બની રહ્યા છે.!





(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૩૧

સાબરકાંઠામાં અન્ય જિલ્લાઓ કરતા દિપડાઓની વસ્તી વધુ હોવાનું ધ્યાને આવ્યું છે ત્યારે તાજેતરમાં ઈડરના પાનોલ ગામે મૃત હાલતમાં દીપડો મળી આવ્યો હતો જે ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં ભારે ખરભરાટ સર્જાયો હતો. જોકે વન વિભાગ દ્વારા આ મામલે મૃત દીપડાની પીએમ કરાવી વધુ તપાસ હાથ ધરી હતી જેમાં દીપડાની હત્યા થયા હોવાનું ભૂલતા આ મામલે ત્રણ આરોપીઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરાઈ છે. સાબરકાંઠામાં મોટાભાગે વન વિભાગ દ્વારા તાલુકા કક્ષાએ ફાડવવામાં આવેલો સ્ટાફ મોટાભાગે જૈસે થે ની હાલતમાં કામ કરી રહ્યો છે જોકે એક તરફ સાબરકાંઠાના ઈડરના પાનોલ ગામે દીપડાની હત્યા થયા હોવાનું ખુલવા છતાં કોઈ ચોક્કસ કામગીરી હાથ ધરાઈ ન હતી ત્યારે જિલ્લા કક્ષાએથી આ મામલે પાયારૂપ તપાસ હાથ ધરવાનું કહેતા સ્થાનિક અધિકારીઓ દ્વારા ઘટના સ્થળે જઈ વિવિધ તપાસો હાથ ધરી હતી જોકે જિલ્લા કક્ષાના અધિકારીઓ દ્વારા ઘટના સ્થળે રૂબરૂ મુલાકાત લેવાય ત્યારે સામાન્ય અકસ્માતે મોતનો ગુનો પોલીસ ચોપડે નોંધાયો હતો જે હવે હત્યામાં પરિણમ્યો છે તેમજ પોલીસે આ મામલે ૩ આરોપીની અટકાયત કરી છે ઈડર કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તમામના જામીન ના મંજૂર કરી જેલના સળિયા પાછળ ધકેલ્યા છે. એક તરફ વન વિભાગ વન્ય પ્રાણીઓને બચાવવા માટે લાખો કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોય છે તો બીજી તરફ આજની તારીખે પણ મોટાભાગનો વન વિભાગ નો સ્ટાફ હોતી હૈ ચલતી હૈ નીતિ અપનાવી રહેતા હોય તેમ જોવા મળે છે સાબરકાંઠાના ઈડર વિસ્તારમાં તાજેતરમાં ઘુવડ નો શિકાર કર્યો હોવાનું ખુલ્યું હતું જોકે આજ દિન સુધી આ મામલે કોઈ ચોક્કસ કામગીરી હાથ ધરાઈ નથી ત્યારે નાશપ્રાય પ્રાણીઓના લિસ્ટમાં આવતા દીપડાની હત્યા થયા હોવાનું ખુલ્યા બાદ જિલ્લા કક્ષાની તપાસથી સમગ્ર ભેદ ખુલ્યો છે અત્યારે સ્થાનિક કક્ષાએ અધિકારીઓ ની પોલ ખુલી છે જોકે હાલમાં પ્રાથમિક તબક્કે વન વિભાગ દ્વારા આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી વધુ તપાસ હાથ ધરી છે.

એક તરફ વન વિભાગ દ્વારા રક્ષિત પ્રાણીઓની રક્ષા કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે ત્યારે વન વિભાગના જ કેટલાક અધિકારીઓ માત્ર ટાઈમપાસ વર્તન કરી કેટલાય વન્યજીવો માટે મોતનું કારણ બની રહે છે ત્યારે આગામી સમયમાં આવા કર્મચારીઓ સામે પણ પગલાં લેવાય તો વન્યજીવોનું રક્ષણ થઈ શકશે તે નક્કી છે જોકે આ તબક્કે આગામી સમયમાં કેવા અને કેટલા પગલાં ભરાય છે તે પણ મહત્વનું બની રહેશે....

## સુઈગામ ખાતે SSIP ૨.૦ અંતર્ગત પ્રાકૃતિક ખેતી પર વર્કશોપ યોજાયો

# પદ્મશ્રી ગેનાભાઈ પટેલએ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ સહિત પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન આપ્યું

(ગરવી તાકાત) સૂઈગામ તા.૩૧

સરકારી વિનયન કોલેજ,સુઈગામ ખાતે **Student Start-up Innovation Policy (SSIP)** ૨.૦ અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન પદ્મશ્રી ગેનાભાઈ પટેલની અધ્યક્ષતામાં કરાયું હતું.

આ કાર્યક્રમમાં પદ્મશ્રી ગેનાભાઈ પટેલએ વિદ્યાર્થીઓને **Start-Up** શું છે તેના વિશે વિસ્તૃત માહિતી ઉપરાંત ગાય આધરિત પ્રાકૃતિક ખેતી ઉપર પ્રેરણાદાયક વ્યાખ્યાન આપ્યું હતું. પોતાના વક્તવ્યમાં પદ્મશ્રી પટેલએ પોતાની પારિવારિક, આર્થિક, સામાજિક પરિસ્થિતિથી શરૂ કરી સિદ્ધિ મેળવવા સુધીની રોચક તેમજ પ્રેરણાદાયક વાતો વિદ્યાર્થીઓ સાથે શેર કરી હતી. પદ્મશ્રી પટેલને અત્યારસુધી ૦૨



અંતરરાષ્ટ્રીય અને ૧૦ રાષ્ટ્રીય એવાર્ડ મળ્યા છે. તેમણે વિદ્યાર્થીઓને ગાયના ગોબરથી કમ્પોસ્ટ ખાતર, રાસાયણિક ખાતરથી થતું નુકશાન, પ્રાકૃતિક ખેતી, સરકારશ્રી તરફથી સહાય સહિત સ્વસ્થ સમાજ માટે પ્રાકૃતિક ખેતી જ મહત્વની હોવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમની શુરૂઆત **SSIP** કોર્ડીનેટર ડો. ડી.એચ.માળીએ કરી હતી, જેમાં **Student Start-Up**ની વિસ્તૃત માહિતી, વર્તમાન શિક્ષા પ્રણાલી અને વૈશ્વિક પરિવેશમાં સ્ટાર્ટ-અપની ભૂમિકા પર વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. કોલેજના આચાર્યશ્રીએ વર્તમાન સમયમાં જયારે જનસંખ્યા દિવસે-દિવસે વધતી જાય છે ત્યારે કમ્પ્યૂટર તેમજ મશીનીકરણના કારણે રોજગારના અવસર ઓછા થતા જાય છે.ત્યારે કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારો દ્વારા સોનેરી તક, જેમાં વિદ્યાર્થીઓ પાસેથી **Idea**જને આગળ વધારવા માટે વિદ્યાર્થીઓએ આર્થિક સહાય આપવાની સરકારશ્રીને જે યોજનાઓ છે તે અંતર્ગત વિદ્યાર્થીઓ સ્વરોજગાર ઉભા કરી શકે જેથી તકનીકી, રીસર્ચ અને **Innovation** થકી એક મજબૂત રાષ્ટ્રનું નિર્માણ થાય તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૧૬૭ વિદ્યાર્થીઓ તેમજ તમામ સ્ટાફ હાજર રહ્યો હતો.

## લાખણી તાલુકાના જડીયાલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડોક્ટર પ્રણવ મોદીને સમાજને અપીલ

# ૦ થી ૫ પાંચ વર્ષના બાળકોમાં ન્યુમોનિયાના કારણે મૃત્યુ થવાના કેસોમાં સમાજમાં જાગૃતિ લાવવા વાલીઓને કરી ખાસ અપીલ

(ગરવી તાકાત) ડીસા તા.૩૧

હાલમાં ભારત દેશમાં ઝીરો થી પાંચ વર્ષના બાળકોમાં થતા મૃત્યુદરમાં ન્યુમોનિયા ના કારણે મૃત્યુ થતાં હોવાની બાળકોની ટકાવારી આશરે ૧૮% જેટલી છે આ માટે ભારત સરકાર દ્વારા સાંસ કાર્યક્રમને થોડાક સમય અગાઉ અમલમાં મૂકવામાં આવ્યો છે આ કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૫ વર્ષના બાળકોને તાવ ખાસી કે શ્વાસ લેવાની કોઈપણ તકલીફ હોય તો નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા તો વાલીઓએ સમયસર નિષ્ણાત ડોક્ટરોને બતાવીને બાળકનો આરોગ્ય સારું બની રહે એ હેતુથી ભારત સરકાર દ્વારા આ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે જેના ભાગ સ્વરૂપે આજે બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જડીયાલી નામ મેડિકલ ઓફિસર ડોક્ટર પ્રણવભાઈ મોદીએ સમાજમાં જાગૃતિ કેળવવાના હેતુથી તમામ જિલ્લાવાસીઓને તેમજ તેમના આરોગ્ય કેન્દ્રની અંદર આવતા ગામો ના




તમામ વાલીઓને નમ્ર અપીલ સાથે જણાવ્યું હતું કે બાળકોનું સ્વાસ્થ્ય સારું રહે અને તંદુરસ્ત રહે એ હેતુથી ભારત સરકાર દ્વારા આ કાર્યક્રમને અમલમાં મૂકવામાં આવે છે આપના પરિવારમાં અથવા તો આજુબાજુમાં કે ગામમાં તમારા ધ્યાનમાં આવું કોઈ બાળક નજરમાં આવે તો તાત્કાલિક તેને નજીકના આરોગ્ય કેન્દ્રમાં સારવાર હેઠળ મોકલવા માટે અપીલ કરવામાં આવી હતી થોડાક સમય અગાઉ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે ન્યુમોનિયા ને લઈ થતા મૃત્યુદર ઘટાડવા માટે સ્પેશિયલ ટ્રેનિંગનું પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડોક્ટર પ્રણવભાઈ મોદી તરફથી તમામને આ બાબતે સૂચન કરી અને સેવા આપવા પણ જોર આપવામાં આવ્યું હતું. ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ સાંસ કાર્યક્રમ સફળતા ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે વાલીઓ સમાજ જાગૃત બનીને આવા બાળકોને તાત્કાલિક સારવાર હેઠળ મોકલવા પ્રયત્નશીલ બનશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઢીમા પ્રાથમિક શાળામાં તિથી ભોજન આપ્યું




(ગરવી તાકાત) ડીસા તા.૩૧

૩૦/૧૨/૨૫ નારોજ ડો.હિરેનભાઈ પટેલના વતન ઢીમા ગામની તમામ પ્રાથમિક શાળાઓના બાળકોને તેમણે તેમજ મોટાભાઈ ધનરાજભાઈ પટેલ ના સૌજન્ય થી તેમજ પાણ અને ગોધા પરિવારો ના સહકારથી ૮૦૦ જેટલા બાળકોને સ્વાદિષ્ ટતિથિ ભોજન આપી ને સદ્ગત પિતાશ્રી કાળાભાઈ ને સ્મરણાંજલી અર્પી. આ શાળામાં જ તેઓશ્રીને પ્રાથમીક શિક્ષણ લીધેલ છે. બાળકોને પ્રાસંગિક ઉદબોધન કરતાં ૪૫ વર્ષ પહેલાંની યાદો તાજી થઈ તેમજ બાળકોને શિક્ષણ અને આરોગ્ય સંબંધિત માર્ગદર્શન આપ્યું.સાથે ડો.રીટાબેનન્ બાળકોને ''ગુડ ટચ - બેડ ટચ'' વિશે સમજ આપી . આચાર્યશ્રી ભુરાભાઈ રાજપૂત, શિક્ષકો અને બાળકો એ સુંદર સત્કાર અને સહયોગ આપ્યો તે બદલ પાણ પરિવાર વતી ખુબ ખુબ આભાર અને શુભેચ્છાઓ આપી હતી ??

### વડનગર તાલુકાના ગામ રેડ લક્ષ્મીપુરા ખાતે પ્રાકૃતિક ખેતી ક્લસ્ટર બેઝ તાલીમ યોજાઇ હતી



(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત વડનગર તાલુકાના ગામ રેડ લક્ષ્મીપુરા ખાતે પ્રાકૃતિક ખેતી ક્લસ્ટર બેઝ તાલીમ યોજાઈ હતી. જેમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરીને ખેડૂતોને બીજામૃત, જીવામૃત તેમજ આંતરપાકો પદ્ધતિ વિશે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું એમ નવાપુરા -સુલતાનપુરાના ગ્રામસેવક નરેંદ્રભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતુ .

પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત ટેકનિકલ માસ્ટર ટ્રેનર અને ફાર્મર માસ્ટર ટ્રેનર દ્વારા લોકોને ઘન જીવા મૃત, જીવામૃત , બીજા મૃત, પ્રાકૃતિક ખેતી ના કાયદા સમજાવવામાં આવ્યા હતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના પ્રાકૃતિક કૃષિના વેગને ધ્યાનમાં લઈને લોકો વધારેમાં વધારે પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે સમગ્ર રાજ્યની સાથે મહેસાણા જિલ્લામાં પણ પ્રયત્નો થઈ રહ્યા છે.

### મહેસાણાના મોટીદાઉ પ્રાથમિક શાળામાં MHMની તાલીમ આપવામાં આવી



(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

મોટીદાઉ પ્રાથમિક શાળામાં ર્સ્હંરજ્ઞઅ ૐઅખ્તીહી સ્ર્ઙ્ગહટ્ઠખ્તીદ્બીહં અંતર્ગત શાળાના શિક્ષિકા બેન શ્રી વૈશાલીબેન પંચાલ દ્વારા તાલીમ આપવામાં આવી. જેમાં ફિલ્મ દ્વારા તમામ મુદ્દાઓ વિશે સમજ આપી. ધોરણ ૬ થી ૮ ની કન્યાઓ અને તેમની માતાઓ આ તાલીમમાં ઉપસ્થિત રહ્યા હતા. માતાએ પોતાની દીકરીઓને પોતાની મિત્ર બનાવી તેની સાથે ખુલ્લા મને ચર્ચા કરવી જોઈએ.સેનેટરી પેડ નો ઉપયોગ, તે સમયની સ્વચ્છતા, ધ્યાનમાં રાખવાની બાબતો, કેવો ખોરાક લેવો વગેરે જેવા મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. જૂની માન્યતાઓથી દૂર રહેવા માટે સમજ આપી હતી. શાળાના આચાર્ય એ પણ હાજરી આપી તેમને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### ઊંઝા કેળવણી મંડળ સંચાલિત તમામ સંસ્થાઓનો સયુંક્ત ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ઊંઝા તાલુકાની તાલુકા કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધા નીલકંઠ વિદ્યાલય મકતુપુર મુકામે યોજાઈ હતી. જેમાં જી એલ પટેલ હાઈસ્કુલ ઊંઝાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબરે ચૌહાણ બ્રિજેશ દિનેશભાઈ, વકતુત્વ સ્પર્ધામાં બીજા નંબરે રાવળ નિખિલ જશવંતભાઈએ નંબર મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું. તે બદલ બંને વિદ્યાર્થીઓને જી.એલ .પટેલ હાઈસ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય ડી કે ચૌધરી દ્વારા પ્રોત્સાહક ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ઊંઝા કેળવણી મંડળ સંચાલિત તમામ સંસ્થાઓનો સંયુક્ત ઈનામ વિતરણ સમારોહ નર્મદા મલ્ટી પર્પઝ હોલમાં શેઠ એમ. આર. એસ. હાઈસ્કૂલ અને શ્રી એમ. એચ. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, ઊંઝાના યજમાન પદે યોજવામાં આવ્યો હતો.

Volume : 10 Issue : 271 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002